# ભોગ નહિ, ભક્તિ જ જીવનું પરમ લક્ષ્ય છે



**આચમન**
**બિપિન પટેલ**

જરા વિચારો તો ખરા કે બાળક જન્મે છે ત્યારે રડે છે શા માટે? અન્ય કારણો ગમે તે હોઈ શકે પરંતુ મૂળ કારણ પરમાત્માથી અલગ થાય છે એટલે પોતાના અંશી પરમાત્માથી અલગ થાય છે. પોતાના પ્રિયતમ પરમાત્માથી વિખૂટા પડવાનું દુઃખ તેને રડાવે છે પરંતુ જીવની દયનીય સ્થિતિ તો એ છે કે પૃથ્વી પર પદાર્પણ કરતી વખતે એ પ્રથમ રૂદન જ તેનું સાચું હશે. ત્યાર પછી તો જીવનમાં એ અનેક વાર રડે છે ખરો પરંતુ તે સ્ત્રી-બાળકો માટે, પદ- પ્રતિષ્ઠા માટે, ધનદોલત માટે નહીં કે પરમાત્મા માટે!

એ હકીકત છે કે જ્યારે જીવના અનેક જન્મોનાં સુકૃત ભેગાં થાય છે ત્યારે પરમાત્માની કૃપાથી તેને માનવદેહ મળે છે. પ્રશ્ન થાય કે આ માનવ જીવનનું લક્ષ્ય શું છે? વિરાટ અને ગંભીર પ્રશ્ન છે આ. માનવદેહનો મહિમા અનેરો છે. દેવો પણ તેની પ્રાપ્તિની ઈચ્છા રાખે છે કારણ કે એ પરમાત્માની પ્રાપ્તિ માટેનું અમૂલ્ય સાધન છે. મોક્ષનું દ્વાર છે. બીજી તમામ યોનિઓ ભોગ યોનિઓ છે. જ્યાં કેવળ કર્મનો ભોગવટો છે. કેવળ માનવ યોનિ જ એક એવી યોનિ છે કે જેમાં માનવી ઈચ્છે તો પરમાત્માને પ્રેમ કરી શકે છે અને ભક્તિ દ્વારા પરમાત્માને પામી પણ શકે છે. દેવયોનિ તો ભોગયોનિ છે જ્યાં કેવળ સત્કર્મોનો ભોગવટો પૂરો થતાં તેમણે પણ પુનઃ પૃથ્વી પર આવવું પડે છે. એટલે જ તો દેવો પણ માનવ દેહની પ્રાપ્તિની ઝંખના કરે છે.

મૂળ વાત તો એ છે કે જીવ એ તો પરમાત્મનો જ અંશ - ઈશ્વર અંશ જીવ અવિનાશી! ચેતન અમલ સહજ સુખરાશી ગોસ્વામી તુલસીદાસજી કહે છે કે જીવ તો ઈશ્વરનો અંશ છે અને ઈશ્વરની જેમ જ તે પણ અવિનાશી, ચેતન અને નિર્મળ અને સુખનો ભંડાર છે. તે ઈશ્વરનો અંશ છે એટલે પોતાના અંશી પરમાત્મા સાથેનું મિલન એ જ તેનું પરમ લક્ષ્ય હોય એ સ્વાભાવિક છે પરંતુ પૃથ્વી પર માનવ તરીકે જન્મ્યા પછી સંસારના વિષય ભોગોમાં લિપ્ત બનીને તે પોતાના લક્ષ્યને ભૂલી જાય છે. માર્ગ ભૂલેલા એ ભોગી પથિકને સંતો, મહાપુરુષો શાસ્ત્રો સમજાવે છે કે,

'એહિ તન કર ફલ વિષય ન ભાઈ સ સ્વર્ગ સ્વલ્પ અંત દુઃખદાયી

નર તનું પાઈ વિષય મન દેહી પલટી સુધા તે સઠ વિષ લેહી'

આ માનવ શરીરની પ્રાપ્તિ કેવળ વિષય ભોગો ભોગવવા માટે નથી. સંસારના ભોગોની વાત તો છોડો જેઓ માનવશરીર જેવું શ્રેષ્ઠ શરીર પામીને વિષય ભોગોમાં લિપ્ત બને છે તેઓ મૂર્ખ છે કે અમૃતને બદલે વિષ ભોગી બની રહે છે તે ન કેવળ કૃતજ્ઞ અને મંદબુદ્ધિ જ છે પરંતુ આત્મઘાતી પણ છે. આ માનવદેહ વારંવાર મળવાનો નથી અને એ પણ સાચું છે કે માનવદેહ દ્વારા જ જીવ ભગવાનની ભક્તિ કરી શકે છે.

સાચું સુખ સંસારના ભોગોમાં નહીં પરંતુ ભગવાનની ભક્તિમાં છે. પરમાત્માની પ્રાપ્તિનો આ ભક્તિમાર્ગ છે તો સરળ પરંતુ સત્સંગ વિના તેની પ્રાપ્તિ કઠીન છે એટલે જીવનમાં સત્સંગનું પણ ખૂબ મહત્ત્વ છે. સત્સંગ વિના માનવી અધૂરો છે. તુલસીદાસજી બાલકાંડમાં જ લખે છે કે,

'જિન્હિ હરિ ભગતિ હૃદય નહિ આની

જીવત શવ સમાન તેઈ પાની'

જેણે ભગવાનની ભક્તિને પોતાના હૃદયમાં સ્થાન નથી આપ્યું તે જીવતો હોવા છતાં મરેલો છે. મુડદા સમાન છે. આજે તો ભૌતિકવાદ અને ભોગવાદ વકરી રહ્યો છે. એવા સમયમાં માનવતાના જતન અને સંવર્ધન માટે શ્રીરામ ચરિતમાનસનું અવલંબન જ એક ઉપાય છે. જેના સાત

> **સાચું સુખ સંસારના ભોગોમાં નહીં પરંતુ ભગવાનની ભક્તિમાં છે**

કાંડ ભક્તિનાં સાત સોપાન છે. 'એહિ મહં રૂચિર સપ્ત સોપાન રઘુપતિ ભગતિ કેર પંથાન...' અરે રામભગત સુરસરિ દ્વારા રામભક્તિ તો પવિત્ર ગંગા છે. ચાલો ભક્તિરૂપી પાવન ગંગામાં સ્નાન કરીને ધન્ય બનીએ.

---

# માફ કરવું અને સહનશીલતાથી જ માણસની મોટાઈ શોભે




**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

પુના પાસે આવેલા ભોરના જાગીરદાર પંત સચિવ હતા, તેમના કુટુંબમાં રામનવમીનો ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો. આ ઉત્સવ માટે કોઠારમાં ઘી-ગોળનો મોટો જથ્થો રાખવામાં આવ્યો હતો.

દરમિયાન રાતના સમયે પંત બહાર આવ્યા ને આંટો મારતા હતા. ત્યારે મોટા દરવાજાની એક બારી ખુલ્લી જોઈ. (પહેલાં મુખ્ય દરવાજો રાતે બંધ થાય પણ તેમાં એક દરવાજાને નાની બારી બનાવેલી હોય તે જવાઆવવા માટે ખુલ્લી કરાતી) પણ પંતે જોયું તો કોઠારનું બારણું પણ ખુલ્લું હતું. એટલે એ કોણે ખોલ્યું તે જોવા પંત એક બાજુ અંધારામાં ઊભા રહ્યા. એટલામાં એક માણસ ગોળનું માટલું લઈ બહાર આવતો જણાયો. ગોળના માટલામાં વજન વધુ હશે, તેથી તે ઊંચકી શકતો ન હતો. કોશિશ કરવા છતાં માથા પર ચઢાવી ન શકયો એટલે પંત મોઢું ઢાંકી અંધારામાં આવ્યા અને ચોરને માટલું ઊંચકવામાં મદદ કરી તેના માથા પર ચઢાવ્યું.

ચોરે માટલું તો લઈ લીધું પણ તેને શંકા ગઈ કે એ કોણ હતું? તે મદદ કરનારનાં કપડાં પરથી ઓળખી ગયો કે, આ પંતસાહેબ જ હતા. એટલે એ ગભરાયો અને માટલું ઉતારી જમીન પર મૂકી એ ચાલતો થયો.

પંતસાહેબ તો માટલું ચઢાવી જતા રહેલા પણ એ ચોરને ઓળખી ગયેલાં, આ ચોર એમનો કોઠાર સંભાળનાર કોઠારી જ હતો પણ પંતને થયું, બિચારાને જરૂર હશે તો ભલે લઈ જાય. એટલે કંઈ બોલ્યા નહીં.

પંતને પોતાના કોઠારી પર પૂરો ભરોસો હતો કે એ માણસ કોઈ દિવસ ચોરી ન કરે પણ કંઈ તકલીફમાં હશે.

બીજા દિવસે એ પંતસાહેબ પાસે આવ્યો અને હાથ જોડી રડવા માંડ્યો. એ પંતને પગે પડી માફી માગવા લાગ્યો.

પંતે એને હાથ પકડી ઊભો કર્યો અને કહ્યું, કોઠારી ચિંતા ના કરશો. હું તમને કોઈ શિક્ષા નહીં કરું. જરૂર હોય તો ગોળ જ નહીં, બીજું પણ લઈ જાવ પણ તમારે માગીને લઈ જવું. મેં તમારી ઉપર વિશ્વાસ મૂકયો, તેનો તમે ભંગ કર્યો છે અને રાતે ચોરી કરવા જ તમે આવ્યા. તમે આ ખોટું કર્યું. હું તમને નોકરીમાંથી કાઢી નહીં મૂકું પણ તમારે હવે કોઠાર સંભાળવાનો નથી, તમારે ચોકીદારનું કામ કરવાનું છે. હવે પછી આવું કૃત્ય ના કરતા.

એમ કહી પંતે એને રવાના કર્યો, પેલો હાથ જોડતો જતો રહ્યો, ત્યારે ચોરી કરનારને બીજા રાજ્ય મૃત્યુદંડની સજા કરતા અથવા કાળી કોટડીમાં ધકેલી દેતા, તે સમયે પંતે એને માફ કરી જવા દીધો. આ ઉદારતા, સહનશીલતા

> **આ ઉદારતા, સહનશીલતા અને માફી આપવાનો ગુણ હોય તો જ માણસ મોટો કહેવાય. માફી આપો તો ચોર પણ સુધરી જાય. એનો આ ઉત્તમ દાખલો છે**

અને માફી આપવાનો ગુણ હોય તો જ માણસ મોટો કહેવાય.

ચોરી કરનાર એ માણસ પછી આજીવન વફાદાર રહ્યો અને પંતની સેવા કરી.

માફી આપો તો ચોર પણ સુધરી જાય. એનો આ ઉત્તમ દાખલો છે.

---



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા.૩૦ થી તા.૫ એપ્રિલ 2026

### તા. 30 સોમવાર
ચૈત્ર સુદ બારસ, અનંગ વ્રત, વિષ્ણુદમનોત્સવ, સોમપ્રદોષ

### તા. ૩૧ મંગળવાર
ચૈત્ર સુદ તેરસ, શ્રી મહાવીર જન્મકલ્યાણક

### તા. ૧ એપ્રિલ બુધવાર
બુધવાર, ચૈત્ર સુદ ચૌદસ

### તા.૨ ગુરુવાર
ચૈત્રી પૂનમ, વૈશાખ સ્નાન આરંભ, સાલાસરધામ મેળો-રાજસ્થાન, હનુમાન જયંતી

### તા.૩ શુક્રવાર
ચૈત્ર વદ પડવો, ગુડ ફ્રાઈડે

### તા. ૪ શનિવાર
ચૈત્ર વદ બીજ, શ્રીધર સ્વામી જયંતી

### તા.૫ રવિવાર,
ચૈત્ર વદ ત્રીજ, સંકટ ચોથ.

## સુવિચાર

સાચો આનંદ સંપત્તિમાં નથી, પરંતુ શાંતિભર્યા મન અને સારા કર્મોમાં છે.

જેટલું આપણે ભગવાનને યાદ કરીએ છીએ, એટલું મન શાંત અને જીવન પવિત્ર બને છે.

આશીર્વાદ માંગવા કરતા સારા કર્મ કરો, આશીર્વાદ પોતે જ મળવા લાગે છે.